# આરટીઓનો વહીવટ ખાડે ગયો વાહનોના નંબરો પણ અપાતા નથી

## શહેર જિલ્લામાં અત્યાર સુધી અંદાજિત ૩૧ હજાર વાહનોને પીયુસી અપાયા

ગાંધીનગર તા ૧૯

શહેરમાં ટ્રાફિક નિયમનના મામલે વાહનચાલકો જાગૃત બન્યા છે. પીયુસી , હાઈસિક્યુરીટી નંબર પ્લેટ, લાયસન્સ ,વીમા સહીતના નિયમોના અમલ માટે વાહનચાલકો સતત પ્રક્રીયામાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. પીયુસી સેન્ટરો પરથી અત્યાર સુધીમાં શહેર જિલ્લામાંથી અંદાજિત ૩૧ હજાર જેટલા વાહનાને પીયુસી આપવામાં આવ્યા છે. પરંતુ ટ્રાફિક નિયમનના મામલે આર ટી ઓ કચેરી જ નિરસતા સેવી રહી છે. હાલની સ્થિતિએ પણ અંદાજિત ૪ હજાર જેટલા વાહનોના નંબરો પેન્ડીંગ હોવાથી વાહનચાલકો અને ડિલરો માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. વાહનચાલકોએ તગડો દંડ ભરવાની નોબત આવે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ટ્રાફિક નિયમનના મામલે દંડ વસુલવાની નવી નિતીના અમલને અનુલક્ષીને વાહનચાલકો નિયમન માટે વિશેષ જાગૃત બન્યા છે. શહેરના પીયુસી સેન્ટરો પર રોજ બરોજ વાહનોની કતાર જોવા મળી રહી છે. અત્યાર સુધી શહેર જિલ્લામાંથી અંદાજિત ૩૧ હજાર જેટલા વાહનોને પીયુસી આપવામાં આવ્યા છે.પરંતુ વાહનોના નંબર પાડવાની પ્રક્રીયા મામલે આર ટી ઓ કચેરી હજુ પણ સ્વીચ ઓફ મોડમાં છે. હાલની સ્થિતિએ પણ અંદાજિત ૪ હજાર જેટલા વાહનોને નંબરો પડ્યા નથી. જેના લીધે આવા વાહનચાલકોને દંડાવાનો વારો આવે છે. નવી દંડ નિતીના અમલ માટે ફેરફાર કરાયા બાદ પણ નિયત સમયમાં પણ આ વાહનોને અનુલક્ષી નંબરો પાડવાની પ્રક્રીયા પુર્ણ થાય તે અનિવાર્ય હોવાનો સુર

● અનુસંધાન પાન-૭ પર



હિન્દી ફિલ્મ સંગીત સામાન્ય માણસના જીવનમા ઘણું મહત્વ ધરાવતું જોવા મળે છે. જેમાં વર્ષો પહેલા એક ગીતકારે સુંદર શબ્દો લખ્યા હતા જે ગીત ખૂબ લોકપ્રિય બન્યું હતું. જેના શબ્દો હતા 'દેખા મૈંને દેખા હૈ યે એક સપના, ફૂલો કે શહર મેં હો ઘર આપના.' ગાંધીનગરને પણ ફૂલોનું શહેર કરીએ તો એમાં જરાય અતિશયોકિત નથી કેમ કે અહીંની વનરાજી તથા બાગ બગીચામાં દરેક ઋતુમાં અલગ અલગ પ્રકારના વિવિધ રંગો અને આકાર ધરાવતા નયનરમ્ય પુષ્પો ખીલે છે. શહેરના સેન્ટ્રલ વિસ્ટામાં સ્વર્ણિમ પાર્ક નજીક ઉદ્યોગભવનથી એલઆઈસી બિલ્ડીંગ તરફ જવાના માર્ગે ખિલેલા આ સુંદર પુષ્પો નયનની સાથે સાથે મનને પણ અનેરો આનંદ આપે છે.

# જિલ્લા પંચાયતના ૩૦૦ કર્મચારીઓને ૨જી ઓક્ટો. માટે પ્રતિ નિયુક્ત પર મોકલાશે

## ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ યોજાનાર કાર્યક્રમની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧૯

આગામી ૨જી ઓક્ટો.ના રોજ અમદાવાદ ખાતે વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમ માટે જિલ્લા પંચાયતના ૩૦૦ કર્મચારીઓને અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તક મુકવામાં આવશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિને લક્ષમાં રાખી યોજાનાર કાર્યક્રમની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

જિલ્લા પંચાયતના ૩૦૦ કર્મચારીઓને ૨૫મી સપ્ટેમ્બર કે તે પછી અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તક મુકવામાં આવશે જે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જિલ્લામાં પરત ફરશે. આ ૩૦૦ કર્મચારીઓમાં વર્ગ-૩ના ઉપરાંત વર્ગ-૧ અને ૨ ના કર્મયોગીઓને પણ મુકવામાં આવનાર છે.

આ માટેની કર્મયોગીઓની યાદી તૈયાર કરી દેવામાં આવી હોવાનું પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં સ્વચ્છતા અભિયાનની ઉજવણીના ભાગરૂપે કેટલીક મહત્વની જાહેરાતો કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા દેશભરમાંથી ૧૦ હજારથી વધુ સરપંચોને આમંત્રણ પણ આપવામાં આવી રહ્યુ છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીને લક્ષમાં રાખી હાલના તબક્કે ૩૦૦ કર્મચારીઓ ફાળવવામાં આવશે. આ પછી જરૂર પડ્યે બીજા કર્મચારીઓ મોકલવામાં આવશે.

# નવા સેકટરોમાં ગટરો ઉભરાતા ઘર આંગણે દુષિત પાણીનો ભરાવો

## અસહ્ય દુર્ગંધથી રહીશોને ગુંગળામણ : રોગચાળાની દહેશતથી રહીશોમાં આક્રોશ : ગટરોના ખુલ્લા ઢાંકણ પણ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત






છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ગટરો ઉભરાતી હોવાના કિસ્સા સામે આવ્યા છે. ત્યારે ઘ-૫ સેકટર-૧૭ કોર્નર પર સુલભ શૌચાલયની પાછળ આવેલી ગટરો બેક મારે છે. જેને પગલે ગંદા પાણીના ખાબોચીયા ભરાય છે. ત્યારે આ સમસ્યાનો ઉકેલ સત્વરે આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેરમાં હજુ ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવ્યો નથી. સે- , ૫ અને સે-૬ માં ગટરો ઉભરાવાની સમસ્યા વિકરાળ બની છે. છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાતા સેકટરોમાં ઘર આંગણે દુષિત પાણીના ભરાવા સાથે દુર્ગંધ ફેલાય છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશો પણ રોગચાળાની દહેશત વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. જયારે ઘણી જગ્યાએ ગટરના ઢાંકણ પણ તુટેલી હાલતમાં છે. જેના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત પણ પ્રબળ બની છે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા દિનપ્રતિદિન વધુ પેચીદી બની રહી છે. સેકટરોમાં છાશવારે ગટરોના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો માટે નવો શિરદર્દ ઉભો થાય છે. શહેરના નવા સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો પણ વધી છે. સે-૩,૫ અને સે-૬ માં વારંવાર ગટરો ઉભરાતા સ્થાનિક રહીશોના ઘર આંગણે દુષિત પાણીનો ભરાવો થાય છે. અસહ્ય દુર્ગંધ વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવે છે. એકબાજુ ઉભરાતી ગટરોના લીધે ગંદકીની સમસ્યા વધુ જટીલ બની છે. જયારે સ્થાનિકો પર રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે. બીજીતરફ ગટરોના ઢાંકણો પણ તુટેલી હાલતમાં હોવાથી ગમે ત્યારે રોગચાળો પ્રવર્તે તેવી દહેશત પ્રબળ બની છે. સેકટરોમાં ઉભરાતી ગટરો વચ્ચે અત્યંત દુર્ગંધ વચ્ચે જન આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. ગટર લાઈન દાયકાઓ જુની છે. સેકટરની વસતી અને વિકાસ મુજબ ગટર

● અનુસંધાન પાન-૭ પર



### સે. ૨૪ ડબલ ડેકરમાં પણ દૂષિત પાણીના ભરાવાની સમસ્યા

સેકટર-૨૪માં હરસિદ્ધનગર સોસાયટી ડબલ ડેકરમાં બ્લોક નં. ૪૩૬ અને બ્લોક નં. ૨૭૨ના વચ્ચેના ભાગે આરસીસી રોડ પર ઘણા સમયથી ગંદુ-પ્રદૂષિત પાણી સતત વહેવાની સમસ્યા રહીશોને સતાવી રહી છે. લાંબા સમયથી સતત દૂષિત પાણીના ભરાવાને કારણે આસપાસના પરિવારોને રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ સહન કરવો પડી રહ્યો છે અને આ પરિવારો પર રોગચાળાનો ખતરો મંડરાયેલો છે જેનું સત્વરે નિરાકરણ લાવવુ જરૂરી બન્યું છે.

# સે. ૨૫માં પાંચ હોસ્ટેલ સંચાલકોને નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રહેણાંક વિસ્તારમાં ચાલતી ગેરકાયદે હોસ્ટેલના મુદ્દે આજે સતત બીજા દિવસે પણ સે. ૨૫માં કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાંચ જેટલા હોસ્ટેલ સંચાલકોને આજે તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવેલ છે. જયારે ૧૨ થી વધુ પ્લોટ ધારકોના મકાનની આગળ રોડ સાઈડના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

તંત્ર દ્વારા આજે અન્ય સેક્ટરોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જોકે તંત્રની સત્તાવાર યાદીમાં આવી કોઈ જ વિગતો અંગે મૌન સેવવામાં આવ્યુ છે.

છેલ્લા ત્રણ દિવસથી રહેઠાણ વિસ્તારમાં ચાલતી હોસ્ટેલોને લઈ હાથ ધરાયેલ કાર્યવાહી આજે ત્રીજા દિવસે ધીમી રહેવા પામી હતી.

તંત્ર સામે સત્તાધીશો અને રાજકીય આગેવાનોએ પણ મોરચો માંડ્યો છે. તંત્રએ વચલો માર્ગ અપનાવતાં સરકારનું માર્ગદર્શન માગવામાં આવ્યુ હોવાની વાતો વહેતી કરી છે.



શું આ છે આપણો નાગરિક ધર્મ ? - સ્વર્ણિમ પાર્ક નયનરમ્ય બન્યું... શહેરની શોભા છે... પાટનગરની ઓળખ છે... જેટલું કહીએ તેટલું ઓછું છે... આપણા માટે જ છે... પણ એનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આપણે ઉણા ઉતરીએ છીએ... સ્વર્ણિમ પાર્કની ફુટપાથ પર કેક કાપી, રંગ ઉડાડી જન્મદિવસ ઉજવીએ ત્યાં સુધી બરાબર પણ આવી ગંદકી મૂકીને જઈએ એ કેટલું વ્યાજબી છે... આ આપણો નાગરિક ધર્મ છે...? આપણે સફાઈ ન કરી શકતા હોઈએ તો ગંદકી કરવાનો આપણને કોઈ અધિકાર પણ નથી.... એટલી સમજણ કેળવીએ એ જ આપણો નાગરિક ધર્મ છે...

# ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વાહકજન્ય રોગચાળા માટે તંત્ર દ્વારા નોટીસો ફટકારાઈ

## હવે પછી ૧૩૩ મુજબ ફરિયાદો દાખલ કરવા તંત્રએ મન બનાવી લીધુ છે : રાજ્યના બાયોલોજીસ્ટે પણ શહેર અને જિલ્લાની મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર નજીક વિકસી રહેલ ન્યુ ગાંધીનગર વિસ્તાર તરીકે ઓળખાતા કુડાસણ, રાંદેસણ, વાવોલ, સરગાસણ, વાસણા હડમતિયા ગામોમાં આજે જિલ્લા મેલેરિયા તંત્રની ૧૦૨ જેટલી ટીમો ત્રાટકી હતી. જે ટીમોએ સર્વેલન્સ દરમ્યાન ભારે બ્રિડીંગ જણાયેલ ૧૩ કન્સ્ટ્રક્શન સાઈટ અને ૬ સોસાયટીના સંચાલકોને નોટીસ ફટકારી છે.

તંત્ર દ્વારા સુઘડ, આદરજમોટી અને ઉવારસદ પી.એચ.સી.ની હકુમતમાં આવતા આ વિસ્તારોમાં છેલ્લા એક મહિનાથી સતત તપાસ અને સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે પરંતુ વારંવાર મોટી સંખ્યામાં બ્રિડીંગ મળી રહ્યા છે. તંત્ર પાસે સિલીંગની સત્તા નથી પરંતુ હવે પછી અન્ય વિકલ્પો પર કામગીરી કરવામાં આવશે તેમ તંત્રના જવાબદારોએ આજે અનૌપચારિક વાતચીતમાં જણાવ્યું છે.

આજે તંત્રની ટીમોએ સર્વેલન્સની સાથે સાથે જન-જાગૃતિ અભિયાન પણ છેડ્યુ હતુ. મચ્છરોની ઉત્પતિ અટકાવવા માટે લોકોનો સહયોગ પણ માંગ્યો હતો.

તંત્ર દ્વારા વારંવાર નોટીસો આપવાની કામગીરી કરવામાં આવે છે પરંતુ સિલીંગ જેવા આકરા પગલાં લેવામાં આવતાં નથી તેને લઈ લોકોમાં પણ આશ્ચર્ય થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં આગામી ૭૨ કલાકમાં અતિભારે વરસાદની આગાહી

## ૨૪ કલાકમાં અરબી સમુદ્રમાં લો પ્રેશર સક્રિય થશે : આજથી ગુજરાતમાં ૨૨ તારીખ સુધી અતિભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં વરસાદના વિરામ હાદ ફરીથી સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૨૪ કલાકમાં અરબી સમુદ્રમાં લો પ્રેશર સક્રિય થશે. જે ડિપ્રેશનમાં પરિવર્તિત થયા બાદ ૨૦થી ૨૨ તારીખ સુધી ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, લો પ્રેશરને કારણે દ.ગુજરાત અને સૌરાષ્ટ્ર પર વરસાદનું જોર વધશે. જ્યારે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ ધીમા ધીમા વરસાદી ઝાપટા પડી શકે છે. સિઝનનો ૧૨૧ ટકા વરસાદ વરસી ચૂક્યો છે એવામાં હજુ વધુ વરસાદ લીલો દુષ્કાળ નોંતરી શકે છે. જો કે વરસાદને લઈને ખેડૂતોમાં તો ખુશહાલીનો માહોલ છે. પણ પાછોતરો વરસાદ એ રોગચાળો અને પૂર નિર્મી શકે છે.

અમદાવાદમાં પણ સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે જ્યારે બીજા કેટલાક જિલ્લાઓમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ હજુ વરસશે. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. અમદાવાદમાં ઝરમર વરસાદ વરસી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રમાં પણ વરસાદનું જોર વધી શકે છે. ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ ઝાપટાં પડે તેની સંભાવના છે.'

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com